અપીલ અરજી નં.૮૫ તા.૧૦–૭–'૦૮.

***અરજદાર*** : શ્રી મનુભાઈ બચુભાઈ છોટાળા
***સામાવાળા***:ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

# હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનુભાઈ બચુભાઈ છોટાળાની આઈ ડી.નં.૬૧૮ તા.૮–૫–૦૮ ની અરજીથી ડી.સુરત સબ ડી. તાલુકો–ચોર્યાસી મોજે ગામ મગોબના રે.સ.નં.૫૮/૨ પ્લોટ નં.૧૨૦ ટી.પી. સ્કીમ નં.૩૪ (મગોબ–ડુંભાલ) ફા.પ્લોટ નં.૨૭/બી વાળી જમીનમાં રહેણાંક પ્લોટ પૈકી ૩૧ થી ૩૪ તથા દુકાનોના નામે ઓળખાતા પ્લોટ નં.૩૧ થી ૩૩ ના બાંધકામ પ્લાન મંજુર કરેલ છે ?જો હા હોય તો કયારે મંજુર કરેલ છે તેની તારીખ, પ્લાન રજાચિઠ્ઠીની નકલ, બાંધકામ મંજુર પ્લાન મુજબ છે ?મંજુર પ્લાન મુજબ ન હોય તો દુર કરવાની કાર્યવાહીની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૦–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૫/–૦૮–૦૯

શ્રી મનુભાઈ બચુભાઈ છોટાળાનો આઈ ડી.નં.૬૧૮ તા.૮–૫–૦૮ ની અરજીથી ડી.સુરત સબ ડી. તાલુકો–ચોર્યાસી મોજે ગામ મગોબના રે.સ.નં.૫૮/૨ પ્લોટ નં.૧૨૦ ટી.પી. સ્કીમ નં.૩૪ (મગોબ–ડુંભાલ) ફા.પ્લોટ નં.૨૭/બી વાળી જમીનમાં રહેણાંક પ્લોટ પૈકી ૩૧ થી ૩૪ તથા દુકાનોના નામે ઓળખાતા પ્લોટ નં.૩૧ થી ૩૩ ના બાંધકામ પ્લાન મંજુર કરેલ છે? જો હા હોય તો કયારે મંજુર કરેલ છે તેની તારીખ પ્લાન, રજાચિઠ્ઠીની નકલ, બાંધકામ મંજુર પ્લાન મુજબ છે ?મંજુર પ્લાન મુજબ ન હોય તો દુર કરવાની કાર્યવાહીની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૧૮ તા.૨૯–૫–૦૮ તથા નં.પુર્વઝોન/ટીડી/૬૭૪ તા.૫–૭–૦૮ થી આપેલ જવાબથી નારાજ થઈએપેલેટ ઓફિસરને તા.૧૦–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં કોઈ વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૭ તા.૧૫–૭–૦૮થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. પરંતુ તેમની કક્ષાએથી અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ મળેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માંગેલ માહિતી પૈકી રહેઠાણ માટેના લે–આઉટ પ્લાન મંજુર થયેલ હોવાની તથા તે સિવાયના પ્લાન મંજુર નહીં થયેલ હોવાની માહિતી પૂરી પાડી બાંધકામ પ્લાન મુજબ થયેલ નહીં હોવાનું તથા પ્લાન વિરુધ્ધના બાંધકામ અંગે ચકાસણી કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવેલ જણાય છે. જે અરજદારે માંગ્યા અનુસારની સ્પષ્ટ થાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તા.૮–૫–૦૮ ના રોજ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે મુળ અરજીથી અપીલ અરજીમાં અલગ મુદ્દાઓ ઉપસ્થિત કરી રજુઆત કરેલ છે જે વહીવટી કાર્યવાહીને લગતી છે જેથી માહિતી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી."

અરજદાર ગેરકાયદેસર બાંધકામના ડીમોલેશન કાર્યવાહી અંગે સક્ષમ સત્તાધીશને પોતાની અલાયદી રજુઆત કરવા માટે સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મનુભાઈ બચુભાઈ છોટાળા,